GJSK180007082026

| | |
|---|---|
| રજૂ તારીખ | ૨૭/૦૫/૨૦૨૬ |
| નોધ્યા તારીખ | ૨૭/૦૫/૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૦૧/૦૬/૨૦૨૬ |

| | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| સમયગાળો : | ૦૦ | ૦૦ | ૦૫ |

**ઈડરના મે.ત્રીજા અધિક સત્ર ન્યાયાધીશ શ્રી (એમ.વાય.રાધનપુરવાલા) ની કોર્ટમાં મુકામ–ઈડર**

**ફોજદારી પરચુરણ અરજ નં.૨૬૭/૨૦૨૬**
**આંક : ૭**

**અરજદાર :** **મુકેશભાઈ દેવાજી ખરાડી,** ઉ.વ.૩૦, ધંધો–ખેતી
રહે.વણધોલ, તા.વિજયનગર, જી.સાબરકાંઠા

**વિરૂધ્ધ**

**સામાવાળા :** શ્રી સરકાર

**અરજ :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટે.

**અરજદાર પક્ષે વિ.વ.શ્રી : બી.આઈ. લીમાણી**
**સામાવાળા પક્ષે વિ.એ.પી.પી.શ્રી : પી.જે.સોની**

**// ચુકાદો //**

(૧) આ કામના અરજદાર/ આરોપીએ તેઓની વિરૂધ્ધ નોંધાયેલ વિજયનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.નં. ૧૧૨૦૯૦૫૫૨૬૦૧૫૧/૨૦૨૧, ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૧૧૫(૨), ૧૧૮(૧),૧૧૮(૨) ૧૨૫(એ), ૩૫૨, ૩૫૧(૩), ૧૮૯(૧), ૧૮૯(૨), ૧૮૯(૪), ૧૯૧(૨), ૧૯૦ તથા

જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે રેગ્યુલર જામીન મુકત થવા હાલની અરજી કરેલ છે.

અરજદાર તરફે તેમની અરજીના સમર્થનમા આંક–૩ ના પુરાવા લીસ્ટથી એફ.આઇ.આર.ની ખરી નકલ તેમજ જામીન અરજી તથા તેના લગત થયેલ હુકમની નકલ રજુ કરેલ છે.

(૨) અરજદારની અરજી રજૂ થતાં આ કામે સામાવાળા શ્રી સરકાર તરફે નોટિસ કાઢવામાં આવતા સામાવાળ તરફે વિ.એ.પી.પી.શ્રી પી.જે.સોની આંક–૫ ની પુરસીસ આધારે હાજર થયેલા છે અને આંક–૬ થી તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ રજુ કરેલ છે.

(૩) અરજદાર તરફે વિ.વ.શ્રી લીમાણીનાઓએ તેમની અરજીના સમર્થનમા રજુઆત કરતા જણાવેલ છે કે, અરજદારો તથા અન્ય ઈસમો વિરૂધ્ધ સદર ગુનો દાખલ થયેલ ત્યારપછી પોલીસે એફ.આઇ.આર.માં બી.એન.એસ.ની કલમ–૧૧૮(૨) ની કલમનો ઉમેરો કરવામાં આવેલ છે અને સદર ફરીયાદના કામે પોલીસે અરજદારને અટક કરી તા.૨૨/૦૫/૨૦૨૬ ના રોજ વિજયનગરના મે. જયુડી.મેજી. ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં રજુ કરવામાં આવેલ તે સમયે અરજદાર તર્ફે જામીન અરજી રજુ કરતાં જે જામીન અરજી નામંજુર કરેલ ત્યારથી અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે. અરજદાર તદન નિર્દોષ છે અને તેઓની સામે મુકવામાં આવેલ તહોમત ખોટું છે અને કાયદેસર રીતે ટકી શકે તેમ નથી અને એફ.આઇ.આર.માં જણાવ્યા મુજબના કોઇ ગુનાહિત કૃત્ય કરેલ નથી અને તેઓએ ફરીયાદી તથા સાહેદોને કોઇ ગંભીર ઈજાઓ પોહચાડેંલ નથી. પરંતુ, ખરી હકીકત એ છે કે, આ કામના ફરીયાદી તથા તેમના સગાઓએ પંકજભાઇ દેવાભાઇ ખરાડીને માર મારી ગંભીર ઈજાઓ પોહચાડતાં તે અંગેની ફરીયાદ ફરીયાદી તથા તેમના સગાઓ વિરૂધ્ધ્ વિજયનગર પોલીસ સ્ટેશને ગુ.રજી.નં.૧૧૨૦૯૦૫૫૨૬૦૧૫૨/ ૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૧૦૯(૧),૧૧૮(૧), ૧૧૮(૨),

૧૧૫(૨) વિગેરે મુજબના ગુનાની દાખલ થયેલ છે. જે ગુનાના કામે ઈજા પામનાર  પંકજભાઈ અરજદારના સગા ભાઈ થતાં હોઈ તેમના પર દબાણ લાવવા અને ખોટો બચાવ ઉભો કરવા હાલની ફરીયાદ કરેલ છે. આ કામના ઈજા પામનારાઓને કોઇ ગંભીર ઈજાઓ થયેલ નથી અને ઈજાપામનાર હાલમાં સારવાર મુકત છે અને તેઓનું રોજીદું કામકાજ કરી રહેલ છે. અરજદારોનું પૂર્વ ચરિત્ર નિષ્કલંક છે અને આ અગાઉ તેમના ઉપર આવા કે અન્ય પ્રકારના કોઈ ગુનાનો આક્ષેપ કે ફરીયાદ થયેલ નથી અને અરજદાર ખેડુત વર્ગના માણસ છે અને ખેતી કરી તેઓના કુટુંબનું ગુજરાન ચલાવે છે અને સમગ્ર કુટુંબની આજીવીકાનો આધાર ફકત અરજદારના શીરે જ છે. અરજદાર નાસી ભાગી જાય તેમ નથી અને ના. કોર્ટની હકુમતના કાયમી અને સ્થાનીક વતની છે અને નામદાર કોર્ટની હકુમતમાં સ્થાવર તેમજ જંગમ મિલકત ધરાવે છે. અરજદારે ક્રિ.પ.અ.નં.૨૩૭/૨૦૨૬ થી આગોતરા જામીન અરજી રજુ કરવામાં આવેલ જે ના.કોર્ટે તા.૧૫/૫/૨૦૨૬ ના રોજ ના મંજુર કરેલ છે.  નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા તૈયાર અને ખુશી છે તેમજ તેટલી રકમના જામીન આપવા ખુશી અને તૈયાર છે. તેઓ પોલીસ તપાસમાં સાથ સહકાર આપવાની અને ટ્રાયલ વખતે સક્ષમ અદાલત સમક્ષ હાજર રહેવાની ખાતરી આપે છે. જેથી અરજદાર આરોપીને રેગ્યુલર જામીન મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સામાવાળા પક્ષે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓની દલીલમાં અરજદારની અરજીના વિરુધ્ધમા તપાસ કરનારે કરેલ સોગંદનામાની હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે અને જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપીએ લોખંડની પાઇપ સાહેદ લક્ષ્મણને પગના ભાગે મારી ઈજા કરી તેમજ અન્ય સાહેદોને ગડદાપાટુનો માર મારી ગંભીર પ્રકારનો ગુનો કરેલો છે. અરજદાર/આરોપીઓ અને ફરીયાદી સાહેદો એક જ ગામના હોય અને નજીક નજીકમા રહેતાં હોઈ અને જામીન આપવામા આવે તો ફરીથી આવો કોઇ ગંભીર પ્રકારનો ગુનો કરે તે

નકારી શકાય તેમ નથી. તેમજ આરોપી ફરીયાદી સાહેદોને ધમકાવી કેસને નુકશાન કરે તેવી શકયતા છે. ગુનાની તપાસ ચાલુ છે તેમજ અરજદાર આરોપી વિરુધ્ધ અન્ય ત્રણ ગુના નોંધાયેલ છે. જેથી અરજદારની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૫) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ની રજુઆત, તપાસ કરનાર અમલદારે રજુ કરેલ એફીડેવીટ, એફ.આઈ.આર. તેમજ તપાસના કાગળો લક્ષમાં લીધા. આ કામે તપાસ કરનાર અમલદારનુ એફીડેવીટ તથા એફ.આઈ.આર. ધ્યાને લેતાં અરજદાર/આરોપી વિરુધ્ધ્ ઈજાપામનાર લક્ષ્મણને પગના ભાગે લોખંડની પાઈપ તથા અન્ય સાહેદોને ગડદાપાટુથી માર મારેલ હોવાનો આક્ષેપ છે. વધુમાં એફીડેવીટ ધ્યાને લેતાં ઈજાપામનાર સારવાર હેઠળ નથી. વધુમા અરજદારો વિજયનગર તાલુકાના સ્થાનીક રહીશ છે અને નાસીભાગી જાય તેમ જણાઈ આવતુ નથી. તેમજ અરજદારો પોલીસ તપાસમા સાથ સહકાર આપવાની અને ટ્રાયલ દરમ્યાન કોર્ટમા હાજર રહેવાની ખાતરી આપેલ છે. જે તમામ હકીકતો ધ્યાને લેતાં અરજદારોની હાલની જામીન અરજી કેટલીક શરતોને આધીન મંજુર કરવામાં આવે તો, તપાસ કરનાર અમલદારે સેવેલ ભય સ્થાનો નિવારી શકાય. તેમજ જામીન અરજીના નિર્ણય સંદર્ભે ની મહત્વનો બાબતો જોતા આ અદાલતને પ્રાપ્ત થયેલ વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવા માટે નામદાર સુપ્રિમ કોર્ટ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ઘણા માર્ગદર્શક ચુકાદાથી કેટલાક મહત્વના સિધ્ધાંતો પ્રસથાપિત કરેલા છે જે પૈકી નામદાર સુપ્રિમ કોર્ટે સંજય ચંન્દ્રા વિરૂધ્ધ સી.બી.આઈ. ૨૦૧૨(૧), જીએલએચ ૯૩ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદા અને તેના હાર્દને તથા તેમાના અવલોકનને ધ્યાને લેતાં, અરજદાર/આરોપીને યોગ્ય રકમના જામીન અને શરતોને આધીન જામીન મુકત કરવા ન્યાયોચિત જણાઈ આવતુ હોઈ, ન્યાયના વિશાળ હીતમા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

/// હુકમ ///

(૧) અરજદાર/આરોપીની હાલની જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપી **મુકેશભાઇ દેવાજી ખરાડી,** રહે.વણધોલ, તા.વિજયનગર, જી.સાબરકાંઠાનાઓને વિજયનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.નં. ૧૧૨૦૯૦૫૫૨૬૦૧૫૧/૨૦૨૧, ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૧૧૫(૨), ૧૧૮(૧), ૧૧૮(૨) ૧૨૫(એ), ૩૫૨, ૩૫૧(૩), ૧૮૯(૧), ૧૮૯(૨), ૧૮૯(૪), ૧૯૧(૨), ૧૯૦ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનાના આરોપીએ રૂા.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા ) ના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત જામીન રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન મુકત કરવા હુકમ કરવામાં આવે છે.

**શરતો :-**

(૧) અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના સાક્ષી સાહેદોને ધાક, ધમકી, લોભ, લાલચ, પ્રલોભનની કોશીશ કરવી નહી.

(૨) અરજદાર/આરોપીએ હાલના ગુનાનું ચાર્જશીટ થતાં સુધી વણધોલ, તા.વિજયનગર, જી.સાબરકાંઠા મુકામે પ્રવેશ કરવો નહીં અને ચાર્જશીટ સમય દરમ્યાન જે જગ્યાએ રહેતા હોય ત્યાંના સરનામા આધારપુરાવા સહીત રજુ કરવા.

(૩) અરજદાર/ આરોપીએ તથા જામીનદારે પોતાનું કાયમી રહેઠાણનું સરનામુ મોબાઈલ નંબર સહીત પુરૂ પાડવુ અને તેમાં કોઈ બદલાવ થાય તો તેની જાણ ટ્રાયલ કોર્ટને તથા ત.ક.અ.ને કરવી.

(૪) અરજદાર/આરોપીએ હાલના કામે તપાસ પુર્ણ થઇને ચાર્જશીટ દાખલ થતાં સુધી દરેક મહીનામાં એક વખત ૧ થી ૧૦ તારીખ સુધીમાં સબંધીત પોલીસ સ્ટેશનમાં સવારના ૧૦.૩૦ થી ૬.૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન હાજરી પુરાવવી.

(૫) અરજદાર/ આરોપીએ જામીન રજુ કરતી વખતે તેમના તથા જામીનદારના તાજેતરના પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફસ કોર્ટ સમક્ષ રજુ કરવા.

(૬) જો અરજદાર/આરોપી પાસે કોઇ પાસપોર્ટ હોય તો તે ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવો તથા તે કોર્ટની પરવાનગી સિવાય ગુજરાત રાજયની હદ છોડવી નહી.

(૭) અરજદાર/આરોપીએ જામીન સબંધિત કોર્ટમા આપવા.

(૮) આ હુકમની યાદી સબંધીત કોર્ટ/પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવી તેમજ એક નકલ સબંધીત જેલ સુપ્રિ.શ્રીને મેઇલ ધ્વારા મોકલી આપવી.

હુકમ આજરોજ તારીખ **: ૦૧** લી માહે **જુન** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

સ્થળ : ઇડર
તારીખ :૦૧/૦૬/૨૦૨૬

(એમ.વાય.રાધનપુરવાલા)
ત્રીજા અધિક સત્ર ન્યાયાધીશ
સાબરકાંઠા–ઇડર
જજ કોડ જીજે૦૦૭૩૪

***NVP***